For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરા શહેરમાં ટ્રાફિક પોલીસનો ખાખી આતંક!

મને ઝાડ સાથે બાંધી ડંડાથી માર્યો - ભોગ બનનારનો આરોપ

ભોગ બનનાર કૌશલસિંહે ઇજાથી કણસતા જણાવ્યું હતું કે પોલીસ કર્મચારીઓએ તેમને ઝાડ સાથે બાંધી લાકડીઓથી માર્યા હતા. કચેરીમાં લઈ જઈ વાળ નોચી માર મારવામાં આવ્યો હોવાનો પણ તેમણે આરોપ લગાવ્યો છે. માતાએ કચેરીમાં પોતાના પુત્રના વાળ પડેલા જોવા મળ્યા હોવાનું કહ્યું છે, જે બાદમાં પોલીસ દ્વારા સાફ કરી નાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

બુલેટ પર નંબર પ્લેટ ન હોવાના ગુનામાં યુવકને આતંકવાદી સમાન ટ્રીટમેન્ટ, પ્રાઇવેટ પાર્ટમાં લાતો મારી, વાળ ખેંચ્યા

યુવકે દંડ ભરવાની તૈયારી બતાવવા છતાં પોલીસ દંડો લઇને તૂટી પડી અને સયાજીગંજ ટ્રાફિક શાખાની કચેરીએ લઇ જઇને ઝાડ પાસે ઉભો રાખી માર્યો

દાંડિયાબજારથી પોલીસ વાનમાં યુવકને બળજબરીથી બેસાડી દઇ સયાજીગંજ સુધી ઢોરમાર મારતા મારતા લઇ ગયા, પોલીસનુ અમાનુષી વર્તન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા શહેરમાં કાયદાના રક્ષક તરીકે ઓળખાતી ટ્રાફિક પોલીસ જ કાયદો તોડી રહી હોવાના ગંભીર આરોપો સાથે ચોંકાવનારી ઘટના સામે આવી છે. માત્ર બુલેટ પર પાછળ નંબર પ્લેટ ન હોવી અને મોડીફાય સાયલેન્સર લગાવવાના ગુનામાં એક યુવક પર ટ્રાફિક પોલીસે અમાનુષી અત્યાચાર ગુજાર્યો હોવાનો આક્ષેપ થયો છે. યુવકને જાણે કોઈ આતંકવાદી હોય તેમ લાકડીઓથી ઢોર માર મારવામાં આવ્યો, વાનમાં ઘસડી લઈ જઈ ટ્રાફિક કચેરીમાં બંધ કરી પ્રાઈવેટ પાર્ટમાં લાતો મારી યાતના અપાઈ હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. ત્યારે ઉચ્ચ પોલીસ અધિકારી હવે યુવકને ન્યાય આપશે કે પછી કે પોલીસ કર્મી હોઇ મામલો દબાવી દેવામાં આવશે ?..

પોલીસ વાનમાં ઘસડી, કચેરીમાં યાતના

આક્ષેપ મુજબ ત્રણ પોલીસ કર્મચારીઓએ યુવકને જાહેર માર્ગ પર લાકડીઓથી માર મારતા પોલીસ વાનમાં ઘસડી બેસાડ્યો હતો. ત્યારબાદ સયાજીગંજ ટ્રાફિક શાખાની કચેરીમાં લઈ જઈ એક રૂમમાં બંધ કરી લાકડીના ફટકા માર્યા હતા. આટલેથી પણ સંતોષ ન થતા યુવકના પ્રાઇવેટ પાર્ટમાં લાતો મારી ગંભીર શારીરિક અને માનસિક યાતના અપાઈ હતી. યુવકના શરીર પર લાલ ચકામા પડી ગયા હતા અને ભારે દુખાવાને કારણે તેને તાત્કાલિક એસએસજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસ સાથે ગેરવર્તન કરતા અમે ફરિયાદ નોંધાવી છે

ટ્રાફિક એસીપી ડી એમ વ્યાસે જણાવ્યું હતું કે, આ ઘટનામાં હું જાતે ગાડીમાં હતો, તે ગાડીને નંબર પ્લેટ ન હતી, મોડીફાઈડ સાઇલેન્સર હતું અને હેલ્મેટ પણ ન હતું અને મોબાઈલ પર વાત કરતો હતો. મેં મારા કમાન્ડોને તેની પાછળ બેસાડ્યો અને કાર્યવાહી માટે કહ્યું પરંતુ તે તું તારી કરતો હતો. યુવકને પોલીસનો કોલર પકડી લીધો હતો. પરંતુ તે વધુ ઉગ્ર બનતો હતો જેથી સયાજીગંજ લાવ્યા હતા અને ત્યારબાદ તેની માતા પિતા અને ભાઈ આવ્યો હતો અને તુ તારી કરતા હતા. અમે તેની સામે ફરિયાદ નોંધી કાર્યવાહી કરીશું.

દંડ ભરવા તૈયાર છતાં લાકડીઓથી માર

વડોદરા શહેરના બાજવા રોડ, આમ્રપાલી સોસાયટીમાં રહેતા કૌશલસિંહ વિજેન્દ્રસિંહ જાટ (ઉ.વ. 30) 3 જાન્યુઆરીના રોજ સવારના સમયે બુલેટ લઈને દાંડિયા બજાર ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા. અકોટા બ્રિજ શનિદેવ મંદિર પાસે સયાજીગંજ પશ્ચિમ વિભાગ ટ્રાફિક શાખાના ત્રણ પોલીસ કર્મચારીઓએ તેમને અટકાવ્યા હતા. બુલેટ પર નંબર પ્લેટ ન હોવી અને મોડીફાય સાયલેન્સર હોવાનું જણાતા યુવકે દંડ ભરવાની તૈયારી બતાવી હતી, પરંતુ પોલીસ કર્મચારીઓએ ચાવી છીનવી લઈ રોફ ઝાડી માર મારવાનું શરૂ કર્યું હતું.

માતા સાથે પણ ગેરવર્તન, ધક્કો માર્યાનો આરોપ

યુવકની માતાએ જણાવ્યું હતું કે પુત્રનો ફોન આવતા તેઓ ગાડીના કાગળ લઈને સયાજીગંજ ટ્રાફિક કચેરી પહોંચ્યા હતા, પરંતુ પોલીસ અધિકારીઓએ તેમને પુત્રને મળવા દીધા નહોતા. ઉલટું તેમની સાથે ગેરવર્તન કરી ધક્કો મારતા પડી ગયા અને હાથમાં ઇજા પહોંચી હતી.

ટિકિટ વિતરણમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે NSUIની કલેક્ટરને રજૂઆત

ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી મેચની 80% ટિકિટોનું વેચાણ ઓફલાઈન કરો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આગામી તા.11 જાન્યુઆરીના રોજ કોટંબી ખાતે રમાનાર એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચની ટિકિટોના વિતરણમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઇન્ડિયાના વડોદરા શહેર પ્રમુખ અમર વાઘેલા અને ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ વ્રજ પટેલની આગેવાનીમાં કાર્યકરો દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના કાર્યકરોએ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી રજૂઆત કરી હતી. આગેવાનોએ આવનારી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચને લઈને શહેરના ક્રિકેટ ચાહકોમાં ભારે

ઉત્સાહ છે, પરંતુ બીસીએ દ્વારા ટિકિટોનું વિતરણ વ્યવસ્થિત રીતે ન થતા વિદ્યાર્થીઓમાં અને સામાન્ય જનતામાં નારાજગી જોવા મળી રહી છે.

પ્રમુખ અમર વાઘેલાએ આક્ષેપ કર્યો હતો કે, સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓને ટિકિટો સરળતાથી મળી રહી નથી, જ્યારે બીજી તરફ બ્લેકમાં ટિકિટોનું વેચાણ થઈ રહ્યું છે. બીસીએ દ્વારા ટિકિટ વિતરણમાં ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે અને આ સમગ્ર પ્રક્રિયામાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે, જેના કારણે ક્રિકેટ રસિકોને ઉંચા ભાવે ટિકિટ ખરીદવાની ફરજ પડી રહી છે. ત્યારે, માંગણી કરવામાં આવી હતી કે, ઘર આંગણે રમાનાર આંતરરાષ્ટ્રીય મેચની ટિકિટો સ્થાનિક નાગરિકોને મળી રહે એ હેતુ થી 80% ટિકિટોનું વેચાણ ઑફલાઇન કોટંબી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવે. જેના કારણે NSUIના કાર્યકરોએ કલેક્ટરને આવેદન આપીને તાત્કાલિક ધોરણે આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવા અને ટિકિટ વિતરણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે પગલાં ભરવાની માંગ કરી હતી. તેઓએ ચેતવણી આપી હતી કે જો આ અંગે સત્વરે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ગોલ્ડન બ્રિજ પાસેથી હરણી પોલીસે વિદેશી દારૂ સાથે 1 શખ્સને ઝડપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેર નજીક ગોલ્ડન બ્રિજ પાસેથી મધ્યપ્રદેશના શખ્સને રૂપિયા 72 હજારના વિદેશી દારૂ સાથે હરણી પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે બુટલેગર તથા સપ્લાયર ને વોન્ટેડ જાહેર કરાયા છે. હરણી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી.વસાવાની સૂચના હેઠળ 2 જાન્યુઆરીના રોજ ટીમના માણસો વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન મળેલી બાતમી આધારે ગોલ્ડન બ્રીજ પાસેથી એક ઇસમને પકડી પાડી હરણી પોલીસે ઝડપી પાડ્યો હતો. શખ્સની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ અરવિંદ રડતીયા ડામોર (અલીરાજપુર, મધ્યપ્રદેશ) મધ્ય પ્રદેશનો હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસે દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે અને દારૂ મોકલનાર જુવાનસિંગ છોટીયા ડામોર (રહે- અલીરાજપુર, મધ્યપ્રદેશ) તથા મુદ્દામાલ મગાવનારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

વડોદરામાં ફરી પોલીસના કાયદો અને વ્યવસ્થા લીરેલીરા ઉડતા જોવા મળ્યા

સોમતળાવમાં કેટલાક લોકો જાહેરમાં લાકડીઓ ઉછળતા લોકોમાં ભય

શહેરમાં જાણે કોઇને પોલીસ કે કાયદાનો ડર જ રહ્યો ના હોય તવો બનાવ સામે આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરાના સોમતળાવ વિસ્તારમાં કેટલાક લોકો લાકડીઓ વડે જાહેરમાં મારામારી કરતા હતા. ત્યારે જાગૃત નાગરિકે પોલીસની કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતા તત્વોનો વિડિઓ ઉતારી સોશિયલ મિડિયા પર વાયરલ કર્યો હતો. વડોદરા શહેરમાં અવાર નવાર પોલીસન કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતા હોય તેવા જાહેરમાં મારા મારીના વીડિયો સોશિયલ

મિડિયા પર વાયરલ થયા છે. ત્યારે લાકડીઓ વડે બે જૂથ વચ્ચે જાહેર માર્ગ પર આમને સામને હુમલો કરતા સોમાતળાવ વિસ્તારમાં જોવા મળ્યા હતા.

મારામારીના કારણે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. જ્યારે કેટલાક લોકોએ મારામારીનો રસ્તા પરથી પસાર થતાં વાહન ચાલકે વીડિયો ઉતારી લીધો અને મારામારી કરનારા માથાભારે તત્વોમાં પોલીસનો કે કાયદો ડર નથી રહ્યો તે વિડિઓ પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે. ત્યારે જાહેરમાં મારામારી કરીને કાયદો હાથમાં લેનાર તત્વો સામે દ્વારા પગલાં ભરવામાં આવશે.

સગીરાનું અપહરણ તથા દુષ્કર્મના ગુનાના આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

મકરપુરા વિસ્તારમાંથી સગીરાનુ અપહરણ કર્યાં બાદ અલગ અલગ જગ્યા પર લઇ જઈને વારંવાર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને મકરપુરા પોલીસને ઝડપી પાડ્યો હતો. અરવલ્લી જિલ્લાના જેસિંગપુરા ડુંગરી ફળિયામાં રહેતા મયુર અળખ કટારાએ વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાંથી 14 વર્ષીય સગીરાનુ અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ અલગ જગ્યા પર લઇને તેના સાથે શરીર સંબંધ પણ બાંધ્યાં હતા. જેની ફરિયાદ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. જેથી પોલીસે ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસ શરૂ કરી હતી. ત્યારે સગીરા તથા આરોપી ભીલોલા તાલુકાના તેના ઘરે હોવાનું માલુમ પડ્યું હતું. જેથી મકરપુરા પોલીસની ટીમે આ અપહરણ અને પોક્સો વિથ દુષ્કર્મ ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો.

ચેન સ્નેચિંગ કરતી ગેંગે નવા વર્ષથી તરકીબ બદલી

સ્વિગીનો યુનિફોર્મ પહેરી વૃદ્ધના ગળામાંથી ચેન તોડી ગઠિયો પલાયન

ચેઇન સ્નેચર આરોપીને ભરૂચ પોલીસે શીતલ સર્કલથી રેલવે સ્ટેશન તરફ આવતા જોઈ તાત્કાલિક ઝડપી લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી રાધાકૃષ્ણ પાર્ક સોસાયટીમાં રહેતા હસમુખભાઈ જયરામભાઈ પટેલ નિવૃત જીવન ગુજારે છે. તેમનો પુત્ર દીકરો વિયેતનામ ખાતે ફરવા માટે ગયો છે. જેથી હાલમાં ઘરે વૃદ્ધ હસમુખભાઈ તથા તેમની પત્ની અને પુત્ર વધુ હતા. દરમીયાન 2 જાન્યુઆરીના રોજ દીકરાની પત્ની જાગૃતીબેન અંકલેશ્વર નગરપાલીકા ખાતે નોકરી કરતા હોય ત્યાં ગયા હતા. ત્યારે વૃદ્ધ તથા તેમની પત્ની સાંજના ચારક વાગ્યા આસપાસ ઘરે હાજર હતા. તે દરમીયાન એક શખ્સ સ્વીગીનુ કેસરી કલરની ટી શર્ટ પહેરી એકટીવા લઈ તેમના ઘર પાસે આવ્યો હતો અને વૃદ્ધને બહારના દરવાજા પાસે બોલાવ્યા હતા. જેથી વૃદ્ધ તેની પાસે ગયા હતા ત્યારે એક્ટીવા ચાલકે તમારું પાર્સલ આવ્યું છે અહીં સહી કરી આપો અને તમારું પાર્સલ લઈ લો એવું જણાવ્યુ હતું. વૃધ્ધે તેને કહ્યું હતું કે તેમણે કોઇ પાર્સલ મંગાવ્યુ નથી. તેમ છતાં ગઠિયાએ જોઇ લો તમારૂ જ પાર્સલ છે તેમ કહી એક નાનુ પાર્સલ તેમને આપતા જેવા વૃધ્ધે આ પાર્સલ લેવા જતા હતા ત્યારે એક્ટીવા ચાલકે વૃદ્ધ કઈ સમજે તે પહેલા જ તેમના ગળામાથી રૂપિયા 60 હજારની સોનાની ચેન તોડી લીધી હતી અને ટુ વ્હીલર લઈ રફૂચક્કર થઈ ગયો હતો. જેને ભરૂચ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લીધો હતો.

માત્ર 10 વર્ષમાં જ છત ના પોપડા ખરી પડતાં ગુણવત્તા પર સવાલ..!

વડોદરાની SSG હોસ્પિટલના ન્યૂ સર્જિકલ બિલ્ડિંગમાં ભ્રષ્ટાચારના પોપડા ખર્યા

સ્થાનિક લોકોએ યુવતીની મદદ કરી તેને સુરક્ષિત રીતે બહાર કાઢી

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

રાજ્યની સૌથી મોટી સરકારી હોસ્પિટલોમાંની એક એવી વડોદરાની સર સયાજીરાવ જનરલ (SSG) હોસ્પિટલ ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓ માટે સુરક્ષા સામે ગંભીર સવાલ ઊભો કરતાં, હોસ્પિટલના ન્યૂ સર્જિકલ બિલ્ડિંગના બીજા માળે આવેલ C-2 બ્લોકની છતના મોટા પોપડા અચાનક ખરી પડ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આ ગંભીર બેદરકારીએ માત્ર 10 વર્ષ જૂના બાંધકામની ગુણવત્તા અને તેમાં થયેલા ભ્રષ્ટાચારની પોલ ખોલી નાખી છે.

આ ન્યૂ સર્જિકલ બિલ્ડિંગનું નિર્માણ કાર્ય લગભગ 10 વર્ષ પહેલાં જ કરવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું આ બિલ્ડિંગ અત્યાર સુધીમાં સેંકડો દર્દીઓની સારવારનું કેન્દ્ર રહ્યું છે. જોકે, માત્ર એક દાયકાના ટૂંકા ગાળામાં જ છતની આ હાલત થવી એ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેના નિર્માણ કાર્યમાં મોટાપાયે અનિયમિતતા અને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.ભયનો માહોલ અને દર્દીઓની સુરક્ષા જોખમમાં. ન્યૂ સર્જિકલ બિલ્ડિંગના બીજા માળે આવેલા C-2 બ્લોકમાં જ્યારે અચાનક છતના પોપડા પડવાની ઘટના બની, ત્યારે હાજર દર્દીઓ અને હોસ્પિટલના સ્ટાફમાં ગભરાહટનો માહોલ સર્જાયો હતો. આ બ્લોક દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાય છે, ત્યારે જો આ ઘટના થોડી ક્ષણો વહેલી કે મોડી થઈ હોત, તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. આ ઘટનાએ સરકારી બાંધકામોમાં થઈ રહેલા ભ્રષ્ટાચારનો 'સીલિંગ પ્લસ્ટર' ઉખેડી નાખ્યો છે.આ ઘટના એસ.એસ.જી. હોસ્પિટલના સમગ્ર ન્યૂ સર્જિકલ બિલ્ડિંગની સલામતી પર સવાલ ઉઠાવે છે.

'કમિશનખોરી'ના કારણે બાંધકામની ગુણવત્તા સાથે ચેડાં

સ્થાનિક નાગરિકો અને સામાજિક કાર્યકરો આ ઘટનાને સીધી રીતે કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓની સાંઠગાંઠનું પરિણામ ગણી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે, પ્રોજેક્ટમાં નાણાં બચાવવા અને કમિશન મેળવવાના લોભમાં બાંધકામમાં હલકી ગુણવત્તાના માલ-સામાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો વિશ્વસનીય મટીરીયલ અને યોગ્ય ઈજનેરી માપદંડોનું પાલન થયું હોત, તો 10 વર્ષમાં જ આ રીતે સીલિંગ ઘસી પડવાની ઘટના બની ન હોત. ત્યારે વિપક્ષી પાર્ટીઓ અને જાગૃત નાગરિકો દ્વારા આ સમગ્ર બાંધકામની ગુણવત્તાની તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

ધુમ્મસની ચાદર ફેલાતા ઠંડીનો ચમકારો વધ્યો

શહેરમાં ઠંડીનો પારો ઘટીને 15 ડીગ્રી નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

નવા વર્ષની શરૂઆતથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થયા છે. શહેરમાં કેટલાક વિસ્તારોમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ ફેલાતા ચાલકોને લાઈટ ચાલુ રાખી વાહન હંકારવાની ફરજ પડી રહી છે. શનિવારે શહેરનું લઘુત્તમ તાપમાન 15 ડીગ્રી નોંધાયું હતું. ઠંડા પવનોને કારણે ઠંડીની તીવ્રતામાં વધારો થયો હતો.

ઉત્તરના પહાડી વિસ્તારોમાં બરફ વર્ષા શરૂ થઈ છે. જેને પગલે શહેરમાં પણ હવે ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. શહેરમાં શુક્રવારની તુલનામાં મહત્તમ 1.4 ડીગ્રી અને લઘુત્તમ 1.8 ડીગ્રી ઘટીને શનિવારે મહત્તમ 27.4 અને લઘુત્તમ 15 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જેને પગલે સવારે અને રાત્રે ઠંડી વર્તાઈ હતી. સવારે હવામાં

ભેજનું પ્રમાણ 94% અને સાંજે 56 ટકા નોંધાયું હતું. આગામી સમયમાં લઘુતમ તાપમાનનો પારો 10 થી 12 ડિગ્રી વચ્ચે રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં, નવા વર્ષની શરૂઆતથી, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થયા છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા ઝાપટા આવ્યાં હતા. જોકે, આ કમોસમી વરસાદ પછી, ગુજરાતમાં નવી શીત લહેર શરૂ થવાના સંકેતો છે.

નવા વર્ષની પ્રથમ પૂનમે આકાશમાં રચાશે અદભુત સંયોગ

આકાશમાં દેખાશે સુપરમુન : ચંદ્ર સામાન્ય કરતાં વધુ પ્રકાશિત અને વધારે મોટો દેખાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વર્ષ 2026 ની શરૂઆત ખગોળપ્રેમીઓ અને વિજ્ઞાન રસિકો માટે યાદગાર રહેવાની છે. આજે શનિવારે 3 જાન્યુઆરીએ અવકાશમાં એક વિરલ ખગોળીય ઘટના જોવા મળશે. આ દિવસે વર્ષની પ્રથમ પૂર્ણિમા એટલે કે વુલ્ફ મૂન રાત્રિના આકાશમાં ચમકશે અને સાથે જ પૃથ્વી સૂર્યની સૌથી નજીક પહોંચશે.

જાન્યુઆરી મહિનામાં આવતી પ્રથમ પૂર્ણિમાને પશ્ચિમી દેશોમાં અને ખગોળશાસ્ત્રમાં વુલ્ફ મૂન તરીકે ઓળખવામાં આવે છે. આ નામ પાછળ એક રસપ્રદ ઈતિહાસ છે. પ્રાચીન સમયમાં, શિયાળાની કડકડતી ઠંડીમાં ઉત્તર ગોળાર્ધમાં ખોરાકની શોધમાં નીકળેલા વરુઓનો અવાજ રાત્રે વધુ સાંભળવા મળતો હતો.

આ કારણોસર જાન્યુઆરીની પૂનમને વુલ્ફ મૂન નામ આપવામાં આવ્યું હતું. આ રાત્રે ચંદ્ર પૃથ્વીની તુલનાત્મક રીતે નજીક હોવાથી તે સામાન્ય કરતાં કદમાં મોટો અને વધુ તેજસ્વી દેખાશે. જો આકાશ સ્વચ્છ હશે, તો ટેલિસ્કોપ વિના પણ નરી આંખે આ અદ્ભુત નજારો માણી શકાશે. વુલ્ફ મૂન ઉપરાંત 3 જાન્યુઆરીની રાત્રે બીજી એક મહત્વપૂર્ણ ભૌગોલિક ઘટના બનશે. ભારતીય સમય અનુસાર રાત્રે 10:45 વાગ્યે પૃથ્વી તેની ભ્રમણકક્ષામાં ફરતી વખતે સૂર્યની સૌથી નજીક પહોંચી જશે. વિજ્ઞાનની ભાષામાં આ સ્થિતિને પેરિહેલિયન કહેવામાં આવે છે. આ સમયે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર ઘટીને આશરે 147,099,894 કિલોમીટર થઈ જશે. પેરિહેલિયન દરમિયાન પૃથ્વીની પરિભ્રમણ ગતિ સૌથી ઝડપી એટલે કે 30.27 કિલોમીટર પ્રતિ સેકન્ડ રહેશે. આનાથી વિપરીત સ્થિતિ એફેલિયન જ્યારે પૃથ્વી સૂર્યથી સૌથી દૂર હોય છે. જે 6 જુલાઈ, 2026 ના રોજ સર્જાશે.

સુપર મૂનને કારણે દરિયામાં ઘણી મોટી ભરતી આવવાની સંભાવના

પોષી પૂનમનો ચંદ્રમાં સુપર મૂન છે, પહેલી તારીખે ચંદ્ર પૃથ્વીની ખૂબ જ નજીક હતો અને આજે પૂર્ણિમા માતા અંબા ના પ્રાગટ્ય દિવસે ચંદ્રમાં ખૂબ નજીક આવી ગયો છે. તેને કારણે તે સામાન્ય કરતાં વધારે પ્રકાશિત અને વધારે મોટો દેખાશે. સુપર મૂનને કારણે દરિયામાં ઘણી મોટી ભરતી આવવાની સંભાવના પૂરેપૂરી રહેશે. એટલે માછીમારો એ દરિયો ખેડતી વખતે સાવધ રહેવું ખૂબ જરૂરી છે .બીજી અગત્યની વાત કે આજે સૂર્યથી પૃથ્વી ખૂબ જ નજીક છે. ફક્ત 14 કરોડ 70 લાખ કિલોમીટર દૂર છે, સૂર્ય નજીક હોવા છતાં આપણે ત્યાં ઠંડી હશે કારણ કે આપણો ઉત્તર ગોળાર્ધ સૂર્યથી દૂરની દિશામાં નમેલો છે. એટલે હજી 15 થી 20 દિવસ સુધી ઠંડી રહેવાની ખૂબ જ સંભાવના જણાઈ રહી છે. : દિવ્ય દર્શન પુરોહિત,ખગોળવીદ,ગુરુદેવ વેધશાળા

સામાન્ય ઈજા સાથે જાનહાનિ ટળી, અકસ્માત બાદ બંને પક્ષે આક્ષેપ-પ્રતિઆક્ષેપ

ફતેગંજમાં કાળમુખી વીટકોસ બસના પૈડા નીચે યુવતી ફંગોળાઈ, ડ્રાઈવરે સમયસર બ્રેક મારતા 'ચમત્કારિક' બચાવ

સ્થાનિક લોકોએ યુવતીની મદદ કરી તેને સુરક્ષિત રીતે બહાર કાઢી

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાતા રહી ગયો હતો. સેફરોન સર્કલથી પોલિટેકનિક તરફ જતા રસ્તા પર એક મોપેડ ચાલક યુવતીની ગાડી અચાનક સ્લીપ થઈને પસાર થઈ રહેલી વીટકોસ બસના પાછળના ટાયર પાસે ફસાઈ ગઈ હતી. સદનસીબે બસ ચાલકે સમયસર બ્રેક મારતા યુવતીનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, અનુષ્કા નામની યુવતી પોતાની મોપેડ લઈને ફતેગંજ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી.

આ દરમિયાન સેફરોન ટાવર પાસે બસ સ્ટેન્ડ પરથી પેસેન્જર ઉતારીને આગળ વધી રહેલી વીટકોસ બસની બાજુમાં યુવતીનું મોપેડ અચાનક સ્લીપ થઈ ગયું હતું. મોપેડ બસના પાછળના ભાગે ફસાઈ ગયું હતું, જેને જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા. યુવતીને સામાન્ય ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અકસ્માત બાદ યુવતી અને બસ ચાલક વચ્ચે વિરોધાભાસી નિવેદનો જોવા મળ્યા હતા.

યુવતીના જણાવ્યા અનુસાર, બસ ચાલકે એકાએક બ્રેક મારતા તેની ગાડી સ્લીપ થઈ હતી. જ્યારે બીજી તરફ બસ ચાલકે જણાવ્યું હતું કે, તેઓ બસ સ્ટેન્ડ પરથી પેસેન્જર ઉતારીને ધીમી ગતિએ આગળ વધી રહ્યા હતા અને યુવતી સ્પીડમાં હોવાને કારણે અકસ્માત સર્જાયો હતો. વ્યસ્ત ગણાતા આ રસ્તા પર અકસ્માત થવાને કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકોએ યુવતીની મદદ કરી તેને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી.